જેટલું અધિક
અધ્યયન, એટલું જ
અધિક જ્ઞાન
- વોલ્ટેર

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર




વર્ષ : (૨૭) અંક નં. ૩૬ | ૧૬ એપ્રિલ ૨૦૧૨, સોમવાર, ચૈત્ર વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૨૦

# પંચાયતોની ચૂંટણીમાં ૮૦ ટકા જેટલું ભારે મતદાન

## કલોલનાં ૩૮, માણસાનાં ૨૦, દહેગામનાં પાંચ અને ગાંધીનગરનાં બે ગામોમાં મતદાન શાંતિપૂર્ણ રીતે સંપન્ન

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લામાં આજે યોજાયેલ પંચાયતોની ચૂંટણીમાં ૮૦ ટકા જેટલું ભારે મતદાન નોંધાયું છે. હવે મંગળવારે આ ચૂંટણીની મતગણતરી હાથ ધરાશે.

માણસા વિધાનસભા મતવિસ્તારની પેટાચૂંટણી પછી આજે યોજાયેલ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં પણ મતદારોએ ભારે ઉત્સાહ દાખવી રાજકીય જાગૃતિનો પરિચય કરાવ્યો હતો.

સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની બીજા તબક્કાની આ ચૂંટણીમાં મતદાન માટે ઈવીએમનો ઉપયોગ થયો હોવાથી પણ મતદારોમાં ભારે ઉત્સાહ જણાયો હતો. આ ચૂંટણીની મતગણતરી હવે મંગળવારે સવારે જે તે તાલુકા મથકે યોજાશે.

આજે થયેલા આ ભારે મતદાનને પગલે ચૂંટણીનાં પરિણામો અંગેની અટકળોને લઈ ગ્રામ્ય વિસ્તારોમાં મોટી શરતો પણ લાગી હોવાનું જાણવા મળેલ છે. જોકે આજે અટકળોને લઈ ઉમેદવારોના સમર્થકો વચ્ચે સારી એવી ચર્ચાઓ પણ થતી સાંભળવા મળી હતી.

જિલ્લાનાં ૬૫ ગામોમાં આજે પંચાયતની ચૂંટણીઓ યોજાઈ હતી. જેમાં કલોલ તાલુકાનાં ૩૮, માણસાનાં ૨૦, દહેગામનાં પાંચ અને ગાંધીનગર તાલુકાનાં બે ગામોમાં મતદાન યોજાયું હતું.

સવારે ૮ વાગ્યાથી જ મતદારોએ ઉત્સાહપૂર્વક વાતાવરણમાં મતદાન પ્રક્રિયાનો આરંભ કર્યો હતો. ગરમીના પ્રકોપને કારણે સવારે જ મતદારોએ મતદાન કરવાનું પસંદ કર્યું હોવાનું સ્પષ્ટ જણાઈ આવ્યું હતું.

બપોરે બાર વાગ્યા સુધીમાં ઘણા બધા ગ્રામ વિસ્તારોમાં ૫૦ ટકા જેટલું મતદાન થઈ ગયાના અહેવાલો જિલ્લા તંત્રને મળ્યા હતા. જોકે આ પછી બપોરે ૩થી ૫ દરમ્યાન પણ ૨૫ ટકા જેટલું મતદાન સરેરાશ નોંધાયું હતું.

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં પલ્સ પોલિયો રસીકરણમાં ૮૭ ટકા સિદ્ધિ

## રાંચરડા - મોખાસણમાં ૧૦૦ ટકા કરતાં પણ વધુ કામગીરી

## ગાંધીનગર શહેરમાં બીજા રાઉન્ડમાં પણ નબળો પ્રતિસાદ

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર જિલ્લામાં આજે પલ્સ પોલિયો અભિયાનના બીજા રાઉન્ડમાં ૮૭ ટકા જેટલા બાળકોને આવરી લઈ તંત્રએ નોંધનીય કામગીરી બજાવી હતી.

આજે વહેલી સવારથી જ બાળકોને પલ્સ પોલિયોની રસી પીવડાવવાની કામગીરીનો આરંભ કરાયો હતો. જિલ્લામાં આજે લગ્નસરાની મોસમને કારણે પણ બાળકોને આવરી લેવામાં તંત્રએ સારી એવી જહેમત ઉઠાવી હતી.

જિલ્લમાં પલ્સ પોલિયો અભિયાનના બીજા તબક્કામાં કામગીરી અસરકારક બનાવવા માટે બુથોની સંખ્યામાં તેમજ મોબાઈલ ટીમોની સંખ્યામાં પણ તંત્રએ વધારો કર્યો હતો. ગત વખતની જેમ જિલ્લાના અધિકારીઓને આ માટે પી.એચ.સી. કેન્દ્રો પર જઈ મોનીટરીંગ કરવાની જવાહદારી પણ સોંપવામાં આવી હતી અને તેના સારા પરિણામ મળ્યા છે.

કલોલ, માણસા અને દહેગામના શહેરી વિસ્તારમાં આ બીજા રાઉન્ડ દરમિયાન ૮૦ ટકા

● અનુસંધાન પાન-૭ પર

### કલેક્ટરે ચાર કેન્દ્રોની મુલાકાત લીધી

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર જિલ્લામાં પલ્સ પોલિયો અભિયાનના બીજા તબક્કામાં આજે જિલ્લા કલેક્ટરશ્રી પી. સ્વરૂપે ગાંધીનગર તાલુકાના કોબા, શાહપુર, ધોળાકુવા, લવારપુરની મુલાકાત લીધી હતી.

જિલ્લા કલેક્ટરશ્રી સ્વરૂપે આજે મોબાઈલ ટીમ દ્વારા થઈ રહેલી કામગીરી પણ ધોળાકુવા ખાતે નિહાળી હતી. તેમણે આજે પલ્સ પોલિયો અભિયાનની આમ ઓચિંતી મુલાકાત લઈ અને કામગીરીની સમીક્ષા કરી હતી.



શ્રમિકની જિંદગી. ક્યારેક એટલી મહેનત કરવાની કે તન તૂટી જાય અને જાગવાના હોશ ન રહે, સૂઈ જ જવું પડે અને ક્યારેક એટલી નવરાશ કે કાંઈ કામ જ ન હોય અને સૂઈ જવું પડે ! તસવીરમાં દેખાતા શ્રમિકો આવી જ નવરાશને કારણે ધોળે દિવસેય સૂતાં ઝડપાયા છે. અનિયમિત શ્રમના કારણે જ આવાં શ્રમિકો હંમેશા શ્રમિક રહી જાય છે એવો નિષ્ણાતોનો મત છે. (તસવીર : દિપક જાની)



પંચાયતની ચૂંટણીના બીજા તબક્કામાં ગાંધીનગર તાલુકાના પ્રાંતિયા અને પાલજમાં યોજાયેલ મતદાનની તસવીરમાં વહેલી સવારથી જ ગ્રામજનોએ મતદાન માટે લાઈન લગાવી હતી. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

# ચૂંટણી કમિશનર પ્રકાશ શાહ ગાંધીનગર કલોલનાં મતદાન મથકો પર પહોંચ્યા

ગાંધીનગર, તા. ૧૫

રાજ્ય ચૂંટણી પંચના કાર્યકારી કમિશનર શ્રી પ્રકાશ શાહે આજે ગાંધીનગર તેમજ કલોલ તાલુકાના મતદાન મથકોની ઓચિંતી મુલાકાત લઈ અને મતદાનની ચાલી રહેલી પ્રક્રિયાનું નિરીક્ષણ કર્યું હતું.

ચૂંટણી કમિશનર શ્રી પ્રકાશ શાહે આજે ગાંધીનગર તાલુકાના પાલજ ગામની મુલાકાત લીધી હતી તો કલોલ ગામના ધમાસણા ગામનાં છ મતદાન મથકોની મુલાકાત લીધી હતી.

તેમણે મતદાન મથકની સાથે સાથે પ્રાંત અધિકારી કલોલની કચેરીની પણ મુલાકાત લઈ કંટ્રોલ રૂમમાં ચાલતી કાર્યવાહીનું પણ નિરીક્ષણ કર્યું હતું.

બીજા તબક્કાની ચૂંટણીમાં ઈવીએમ મશીનનો ઉપયોગ પ્રથમવાર જિલ્લામાં થઈ રહ્યો હોવાથી ચૂંટણી કમિશનર શ્રી શાહ જાતે મતદાન મથકો પર ગયા હતા અને મતદારોને તકલીફ પડી રહી છે કે કેમ ? તે અંગેની જાણકારી મેળવી હતી. જોકે, તેમની આ મુલાકાત દરમ્યાન મતદારોએ કોઈ જ ફરિયાદ વ્યક્ત કરી ન હતી અને પંચે કરેલી વ્યવસ્થા અંગે સંતોષની લાગણી વ્યક્ત કરી હતી.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ચૂંટણી કમિશનરશ્રીએ લીધેલી આ મુલાકાતને કારણે તંત્રમાં એક નવા જ ઉત્સાહનો સંચાર થયેલો જણાયો હતો. તેમણે કર્મચારીઓ સાથે સંવાદ પણ કર્યો હતો.




RAJDHANI HARDWARE
G - 10, Megh Malhar Complex, Sector - 11,
Ghandhi Nagar. Tel.: (0) 7923229033 / 9825033740



ડૉ. મનમોહનસિંહ
માનનીય વડાપ્રધાનશ્રી

સોનિયા ગાંધી
રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી

રાહુલ ગાંધી
રાષ્ટ્રીય મહામંત્રીશ્રી કોંગ્રેસ

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ આયોજીત
ગાંધીનગર શહેર જીલ્લા કોંગ્રેસ સમિતિનો

## જન સંપર્ક પરીવર્તન યાત્રાનો રૂટ

તારીખ : ૧૭/૦૪/૨૦૧૨, મંગળવાર

| સમય | રૂટ | વાયા |
|---|---|---|
| ૯.૦૦ | સેક્ટર - ૨૨, પંચદેવ | ૧૭/૨૨ |
| ૯.૩૦ | સેક્ટર - ૧૭, શોપીંગ | નાગરિક બેંક |
| ૯.૪૫ | સેક્ટર - ૧૬, શોપીંગ | યુથ હોસ્ટેલ |
| ૧૦.૦૦ | સેક્ટર - ૧૫ | ફતેપુરા |
| ૧૦.૧૫ | સેક્ટર - ૧૪ | ગોકુળપુરા / વાવોલ / સે-૧૩ છાપરા |
| ૧૧.૦૦ | સેક્ટર - ૧૩, શોપીંગ | ૧૨/૧૩ ક્રોસીંગ |
| ૧૧.૩૦ | સેક્ટર - ૧૨, શોપીંગ | મ્યુ. કોર્પો. પથીકાશ્રમ, સે.૬/૭ |
| ૧૧.૪૫ | સેક્ટર - ૬, શોપીંગ | સે.૫/૬ |
| ૧૨.૧૫ | સેક્ટર - ૫, શોપીંગ | મસ્ઝીદ |
| ૧૨.૩૦ | સેક્ટર - ૪ | ઓમકારેશ્વર મહાદેવ |
| ૧૨.૪૫ | સેક્ટર - ૩, શોપીંગ | ઘ - રોડ, સે.૨, જૈન ઉપાશ્રય |
| ૧૩.૦૦ | સેક્ટર - ૨, શોપીંગ | સ્વામિનારાયણ મંદિર |
| ૧૩.૧૫ | સેક્ટર - ૧, | ગાયત્રી મંદિર / અયપ્પા મંદિર |
| ૧૩.૩૦ | સેક્ટર-૮ | બાપુશ્રીની કોલેજ |
| ૧૩.૪૫ | ઇન્દ્રોડા | ઇદ્દાણીમાતા મંદીર, સરીતા ઉદ્યાન પોલીસ ભવન, જુના સચિવાલય |
| ૧૪.૦૦ | સેક્ટર-૧૦, મીનાબજાર | વિરામ, |
| ૧૫.૪૫ | પ્રસ્થાન | ચ - રોડ, જીલ્લા પંચાયત, ચ-૫, ચ-૬ |
| ૧૬.૧૫ | સેક્ટર - ૨૯, શોપીંગ, | મસ્ઝીદ, જલારામ મંદિર ૨૯/૩૦ ક્રોસીંગ |
| ૧૬.૩૦ | સેક્ટર - ૩૦, શોપીંગ | ૨૦/૩૦ ક્રોસીંગ |
| ૧૬.૪૫ | સેક્ટર - ૨૧,ડીસ્ટ્રીક્ટ શોપીંગ | શાક માર્કેટ, અંબિકા ચોક |
| ૧૭.૦૦ | સેક્ટર - ૨૨, શોપીંગ | સે.૨૨/૨૩ |
| ૧૭.૩૦ | સેક્ટર - ૨૩, શોપીંગ | સે.૨૩ / ૨૮, દત્ત મંદિર |
| ૧૭.૪૫ | સેક્ટર-૨૮ શોપીંગ | આદીવાડા |
| ૧૮.૦૫ | સેક્ટર - ૨૭ | ક - ૭ |
| ૧૮.૧૫ | સેક્ટર - ૨૬, જી.આઈ.ડી.સી. | કોલવડા ચોકડી |
| ૧૮.૩૦ | સેક્ટર - ૨૫ | સાઈબાબા મંદિર |
| ૧૯.૦૦ | સેક્ટર - ૨૪ | શાક માર્કેટની પાછળ, જાહેર સભા, સાંજે-૭ કલાકે, પેથાપુર |

પરિવર્તન યાત્રા આપના દ્વારે...
ચાલો સૌ સાથે મળી ઉમળકાભેર સ્વાગત કરીએ...